

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસસ્ટેશન ખાતે સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કર્યું હતું. આખો દિવસ બંદોબસ્તથી અને ગુનાની તપાસથી બંદોબસ્તમાં વ્યસ્ત રહેતા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ પણ કથામાં હાજર રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સાબરમતી નદીમાં બેરોકટોક ચાલતુ ખનન અટકાવવા રજૂઆત

## ગેરકાયદેસર રેતી ખનન કરી નદીમાં જ્યાં ત્યાં ઊંડા ખાડા પડી જવાથી વાર-તહેવારોમાં કેટલાય યુવાનોએ જીવ ગુમાવ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા વિસ્તારમાંથી પસાર થતી સાબરમતી નદીમાં તંત્રની રહેમ નજર હેઠળ બેરોકટોક ખનીજ ખનનનું કૌભાંડ ચાલે છે ત્યારે હદ તો ત્યાં આવી ગઈ છે કે આ ગેરકાયદે થતા નદીમાં ખનનને કારણે પડી ગયેલા ઊંડા ખાડાઓમાં વાર-તહેવારે ન્હાવા પડતા યુવાનોના જીવ જવા લાગ્યા હોવા છતાં તંત્રની આંખ ઉઘડતી નથી અને ગેરકાયદે ખનન રોકવા પ્રયાસ સુદ્ધા કરવામાં આવતા નથી.

અંબોડ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ગણેશ ચતુર્થીએ આ પ્રકારે થઈ ગયેલા ખાડામાં ગરકાવ થઈ જવાથી યુવાન મોતને ભેટ્યો હતો. ધુળેટીએ આ જ વિસ્તારમાં માણસાના એક યુવાનનો ભોગ લેવાઈ ગયો હતો. થોડા સમય પહેલા ભાટ ગામની સીમમાં નિફ્ટના વિદ્યાર્થીઓ ન્હાવા પડ્યા હતા ત્યાં પણ અચાનક આ પ્રકારે આવી ગયેલા ખાડામાં ગરકાવ થઈ જવાથી બે યુવાન મોતને ભેટ્યાની હિચકારી ઘટના બની હતી.

તાજેતરમાં ધુળેટીમાં અંબોડ ઉપરાંત કરાઈ પાસે પણ નદીમાં આ જ રીતે ડુબી જવાથી ત્રણ યુવાનોએ જીવ ગુમાવ્યા હતા. આટ આટલા યુવાઓના મૃત્યુ થઈ જવા છતાં તંત્ર દ્વારા ગેરકાયદે ખનન અટકાવવા કોઈ પગલા ન લેતુ હોવાનું ધ્યાને આવતા માણસાના વરસોડા ગામના ચાવડા જસવંતસિંહે ખનન અટકાવવા ભુસ્તરશાસ્ત્રી, ખાણ ખનીજ કચેરી ખાતે લેખીતમાં રજુઆત કરી છે.

# હાંકી કઢાયેલ વિદ્યાર્થીઓનો વિદ્યાપીઠમાં પ્રતિક ઉપવાસ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિદ્યાપીઠ વિવાદોનું પર્યાય બની રહ્યું હોય તેવી એક પછી એક ઘટના નિર્માણ પામી રહી છે. કેમ્પસમાં મોબાઈલ ઉપયોગ પ્રતિબંધ વિવાદ, આદીવાસી સંશોધન વિભાગમાં ભરતી વિવાદ અને હવે વિદ્યાર્થીઓની અપૂરતી હાજરી વિવાદ સામે આવ્યું છે. ગુજરાત વિદ્યાપીઠ સંલગ્ન સાદરા સ્કુલ ઓફ માઈક્રો બાયોલોજી વિભાગના બીએસસી અને એમએસસીના વિદ્યાર્થીની હાજરી પૂરી ન હોવાને કારણે સત્ર નામંજુર થતા વિદ્યાર્થીઓએ ગુજરાત વિદ્યાપીઠ કેમ્પસમાં પ્રતિક ઉપવાસ કર્યો હતો અને ચરખો ક્રાંતિ કુલપતિ ઓફિસ સામે અહિંસક વિરોધ પ્રદર્શન કર્યો હતો.

વાત એમ છે કે ગુજરાત વિદ્યાપીઠ સંલગ્ન સાદરા સ્કુલ ઓફ માઈક્રો બાયોલોજી વિભાગના બીએસસી અને એમએસસી વિદ્યાર્થીઓની હાજરી પુરી ન હોવાને કારણે વિભાગ દ્વારા કડક પગલા લેવામાં આવ્યા હતા. ૧૦ થી વધુ રજા પાડનારા ૧૩ જેટલા વિદ્યાર્થીઓને ગેરહાજરી મુદ્દે ક્ષમા આપવાના બદલે સત્તાવાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ભણવાથી દૂર કરીને હાંકી કાઢવામાં આવ્યા હતા. ઉપરાંત ગેરહાજરી વધી જવાને લીધે તેઓને ફાઈનલ એકઝામ ન આપવા દઈ સત્ર નામંજુર કરી હોસ્ટેલ તેમજ કોલેજમાંથી કાઢી મુકવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ માટે જડ કહી શકાય તેવા નિયમને લઈને મોટો વિવાદ સર્જાય તેવી શક્યતા છે કેમ કે શાદરા કોલેજના બીએસસી પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૩ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા સાત ઉપરાંત એમએસસીના ૩ મળી કુલ ૧૩ વિદ્યાર્થીઓને ગેરહાજરી મુદ્દે સત્રની અંતિમ પરીક્ષાથી વંચિત રાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ મુદ્દે આચાર્યને અનેકવાર રજુઆત કરી મેડિકલ સર્ટિફિકેટ પણ રજુ કર્યું હતું પણ સત્તાધીશોએ એ પણ નામંજુર કરી દીધું હતું. જેના પગલે વિદ્યાર્થીઓએ અહિંસક આંદોલન આચર્યું છે. વિદ્યાર્થીઓએ ગુજરાત વિદ્યાપીઠ સ્થિત કુલપતિની ઓફીસ બહાર ચરખો ક્રાંતિ અહિંસક રીતે વિરોધ નોંધાવ્યો હતો. ઉપરાંત ૧૦થી વધુ રજા પાડનાર ૧૩ વિદ્યાર્થીઓ સહિત અન્ય વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેસવાની માંગણી સાથે આવેદન પત્ર આપ્યું હતું.

# જુનીયર સિટિજન કાઉન્સિલમાંથી દર્દીઓ માટે લઈ ગયેલા સાધનો પરત કરવા અપીલ

## સાધનોની જરૂરીયાત ઉભી થવાથી અપીલ કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં જુનિયર સિટિજન કાઉન્સિલ દ્વારા શહેર અને આજુ-બાજુના ગામડામાં બિમારીના સમયમાં વિવિધ આરોગ્ય સુરક્ષાના સાધનો નજીવી ડિપોઝીટ લઈ આપવામાં આવે છે. સંસ્થામાં સાધનોની જરૂરીયાત ઉભી થવાથી પરત કરી જવા અપીલ કરવામાં આવી છે.

જુનિયર સિટિજન કાઉન્સિલ શહેરમાં સેવાકીય પ્રવૃત્તિઓથી જાણીતી છે. સંસ્થાની સુવાસ શહેર અને ગ્રામ્યમાં ખુબજ પ્રમાણમાં ફેલાયેલી છે. ત્યારે સંસ્થા દ્વારા અકસ્માત થયેલ દર્દીને ઉપયોગ થઈ શકે તેવા સાધનો નજીવી ડિપોઝીટથી આપવામાં આવે છે. જે સાધન પરત ફરતા ડિપોઝીટ પરત મળે છે.

સંસ્થાએ આપેલા સાધનોની જરૂરીયાત ઉભી થવાથી જે દર્દીઓ વોકર, ટોયલેટ ચેર, ટેબલ, વ્હીલચેર, વોટરબેડ, એર-બેડ, ફોરલેગ સ્ટીક, સીંગલ સ્ટીક, ઓક્સીજન સીલીન્ડર, ટ્રેકશન પલંગ, બેક રેસ્ટ, જેવા સાધનોની જરૂરીયાત ઉભી થવા પામી છે. ત્યારે જે લાભાર્થીઓની જરૂરીયાત પૂર્ણ થઈ ગઈ હોય તો સાધનો પરત કરવા અપીલ કરવામાં આવી છે.

લાભાર્થીઓએ આ સાધનો ઝડપથી સંસ્થાને પરત કરવા જણાવવામાં આવ્યું છે. જેનાથી અન્ય લાભાર્થીઓ લાભ મેળવી શકે તેમ સંસ્થાના મેનેજર દિનેશભાઈ દવેએ જણાવ્યું છે.



ગાંધીનગર એફએસએલમાં ઓલ ઈન્ડિયા ફિંગર એક્સપર્ટ મામલે સેમિનારનું આયોજન કરાયું હતું.





ઉત્તર ગુજરાતમાં ચકચાર મચાવતી ડાંગરવાની ઘટનામાં મૃત્યુ પામેલ કિશોરોનું બેસણું શનિવારે ગાંધીનગર રાજપૂત ભવન ખાતે યોજાયું હતું. જેમાં શહેર - જિલ્લાના રાજપૂત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને અંજલી આપી હતી.

# આજે ફ્રી બોડી ચેક અપ કેમ્પ યોજાશે

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આજે રવિવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન શ્રી બાલાજી મંદિર સેકટર-૧૬માં ફ્રી બોડી ચેક એપ કેમ્પ યોજવામાં આવશે. ફીઝીયોથેરાપી, આયુર્વેદિક, ડેન્ટલ અને બ્લડ પ્રેશરને લગતા રોગોનું એક અપ કરવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં નગરજનોને લાભ લેવા ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું છે.

# જુ.સી.કા. ઓફિસે ત્રણ મહિના સુધી મફત છાશનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૨

સિવિલ હોસ્પિટલ ગાંધીનગર કમ્પાઉન્ડ ખાતે આવેલ જુનિયર સિટિઝન કાઉન્સિલ ખાતે મફત ત્રણ મહિના સુધી ઠંડી છાશ પીવડાવવામાં આવશે. જુસીકાની ઓફિસ ખાતે ગઈ તા. ૨૧ માર્ચથી છાશનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે તા. ૨૧ જુન સુધી વિના મુલ્યે પિવડાવવામાં આવશે.

સ્વ. રંજનબેન ભરતકુમાર શેઠના સ્મરણાર્થે ગત વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળાની ગરમીમાં રાહત આપતી ઠંડી છાશ સિવિલમાં આવતા દર્દીઓ અને સગા સંબંધીઓને પિવડાવવામાં આવશે. કેન્દ્રનો શુભારંભ મધુસુદનભાઈ, નિર્મલાબેન અને વિશાલ શેઠ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય કુંભાર-પ્રજાપતિ સમાજનું સંમેલન યોજાશે : રાષ્ટ્રીય પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૨

રાષ્ટ્રીય કુંભાર-પ્રજાપતિ મહાસભા ન્યુ દિલ્હી અને ગુજરાત પ્રદેશના ઉપક્રમે ગાંધીનગર ખાતે વિશાળ પ્રજાપતિ સામાજિક સમરસતા સંમેલન યોજશે. સંમેલનમાં આંતરરાજ્યના પદાધિકારીઓ ઉપસ્થિત રહી સમાજ ઉપયોગી મંતવ્યો રજૂ કરશે.

પ્રજાપતિ સમાજના ઉત્થાન માટે સામાજિક સમરસતા સંમેલન તા. ૩૦ માર્ચ રવિવાર સાંજે ૯.૦૦ વાગે બલરામ મંદિર ભવન સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. સંમેલનમાં રાષ્ટ્રીય કુંભાર-પ્રજાપતિ મહાસભા ન્યુ દિલ્હીના બિહાર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, મધ્યપ્રદેશ, આસામ, રાજસ્થાન, દિલ્હી, ઉત્તરાંચલ પ્રદેશના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

સંમેલનમાં ભારત દેશના વિવિધ રાજ્યોના શહેરોના અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોના ગરીબ અને અતિ પછાત પરિવારોના ઉત્થાન માટે તેમજ શિક્ષણ મેળવી જાગૃત બને તે માટે ઉપસ્થિત મહાનુભાવો પોતાના મંતવ્યો રજૂ કરશે.

ગુજરાત પ્રદેશ પ્રજાપતિ દ્વારા સંમેલનમાં રાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કરનાર સમાજના વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે. સંમેલનના ગુજરાત રાજ્યના જ્ઞાતિ બંધુઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા પ્રદેશ મુખ્ય મહા સચિવ ડૉ. મનુભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

# રાંદેલબા વૃદ્ધાશ્રમ મગોડી ખાતે ઓએનજીસીએ એમ્બ્યુલન્સ વાન ભેટ આપી



ચિલોડા, તા. ૨૨

તાલુકાના મગોડી ગામે આવેલ કાશીબા ઈચ્છાબા અશક્તાશ્રમ અને રાહેલબા વૃદ્ધાશ્રમમાં ઓ.એન.જી.સી. લિમિટેડ ચાંદખેડા, અમદાવાદ દ્વારા એમ્બ્યુલન્સ વાન ભેટ આપવામાં આવી છે.

નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા જિલ્લાના મગોડી ખાતે કાશીબા ઈચ્છાબા અશક્તાશ્રમ અને રાહેલબા વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. અહિંયા વસતા વૃદ્ધોને બિમારીના સમયે ઉપયોગી થાય તે માટે અમદાવાદ ચાંદખેડામાં આવેલા ઓ.એન.જી.સી. દ્વારા ઈકો કાર એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી છે. વૃદ્ધાશ્રમમાં ૩૦ થી વધારે વૃદ્ધો વસવાટ કરે છે. વૃદ્ધો બિમાર થાય તો ખાનગી વાહન મંગાવી હોસ્પિટલમાં લઈ જવા પડતા હોય છે. તેમજ ક્યારેક રૂપિયા ખર્ચતા પણ વાહનની સુવિધા મળતી નથી. જેથી આ એમ્બ્યુલન્સ વૃદ્ધાશ્રમ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

આ પ્રસંગે ઓ.એન.જી.સી.ના ડાયરેક્ટર કે.એમ. જમેસ્ટી, રાહેલબા વૃદ્ધાશ્રમના પ્રમુખ નિર્મળાબેન, તોમર સાહેબ, જી.એમ. એચાનાર તેમજ સંસ્થાના ઉપપ્રમુખ યશવંતસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખે ઓ.એન.જી.સી.ના ડાયરેક્ટરનો આભાર વ્યક્ત કર્યોય હતો.

# ઓઢવમાં ૧૮ લાખની લૂંટના બે શખ્સો ઝબ્બે

અમદાવાદ, તા. ૨૨

ઓઢવ વિસ્તારની ૧૮ લાખની ટ્રક લૂંટના બે વોન્ટેડ આરોપીઓને અમદાવાદ એસઓજી ક્રાઈમે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં મિલકત સંબંધી ગુનાઓનો ભેદ ઉકેલવા તથા અટકાવવામાં પોલીસ પેટ્રોલીંગમાં હોય છે ત્યારે ગતસાંજે અમદાવાદ એસઓજીના સ્ટાફના માણસો અમરાઈવાડી સ્વસ્તિક ચાર રસ્તા પાસે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ચેક્સવાળુ શર્ટ અને વાદળી રંગનું જીન્સનું પેન્ટ પહેરેલ કે જેનું નામ રાજારામ પ્રજાપતિ છે તથા અન્ય એક સફેદ કલરના શર્ટ અને વાદળી રંગના જીન્સ પહેરેલ છે જેનું નામ સુરેશ બટકો ઉર્ફે ટોકસી કે જે બંને ઓઢવ વિસ્તારના ૧૮ લાખની ટ્રક લૂંટના વોન્ટેડ આરોપી છે તેઓ આજે નાગરવેલ હનુમાન મંદિર તરફથી હાટકેશ્વર સર્કલ તરફ જવાના છે. આ બાતમીના આધારે એસઓજીના સ્ટાફે નાગરવેલ પકડી પૂછપરછ કરતા તેઓનું નામ રામચન્દ્ર ઉર્ફે રાજારામ બાબુલાલ ઉર્ફે પ્રજાપતિ તથા સુરેશ ઉર્ફે બોકસી ઉર્ફે બટકો ઉર્ફે દેવ બોની માધવ જાણવા મળ્યું હતું.

# આજે સે. ૧૬ વસાહત મંડળની સભા

ગાંધીનગર, તા. ૨૨

વસાહત મંડળ સેક્ટર-૧૬ ગાંધીનગરની સામાન્ય સભા આજરોજ રવિવાર સાંજે ૫.૩૦ કલાકે સેક્ટર-૧૬ બગીચા ખાતે મળશે. સભામાં વસાહતીઓના પડતર પ્રશ્નોની અને મંડળની નવી કારોબારીની વરણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. સભામાં મંડળના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા રવિ મકવાણાએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૬
સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૩૫.૪ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૩૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૨.૪૦, ૮.૧૦
: સ્ક્રીન-૨ :
ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
: સ્ક્રીન-૪ :
બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૩૦, ૧૦.૦૦
બેવકૂફિયા : ૪.૦૦
: સ્ક્રીન-૨ :
ગેન્ગ ઓફ ગોસ્ટ : ૧૨.૪૫, ૭.૦૦
રાઈઝ ઑફ એન એમ્પાર : ૪.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૩.૩૦, ૭.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાગીની એમ.એમ.એસ.: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગેન્ગ ઑફ ગોસ્ટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
બેટલ ઑફ ધ ડીમાન્ડ : ૧૧.૦૦
ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૬.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુલાબ ગેન્ગ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : આજે કાર્ય સફળતા માટે વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. સામાજિકક્ષેત્રે ધારી સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. મિત્રોના સહયોગથી અટકેલા કાર્યો આજે પૂર્ણ થઈ શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રા થઈ શકે છે. કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થશે.

**કન્યા** : ભૂમિ-સંપત્તિનાસોદામાં લાભ થવાની સંભાવના છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્ન જરૂરી છે. કાર્યમી ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : કુટુંબીજનો સાથે પ્રવાસ થઈ શકે છે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. મિત્રોના સહકારથી સમસ્યાનું સમાધાન મળી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

## ચિરવિદાય

- સ્વ. અરવિંદભાઈ બાલુભાઈ ચૌહાણ (ઉ.વ. ૭૫)પ્લોટ નં. ૪૩/૧૮૫, શ્રીનગર હાઉસીંગ સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગર.